# આરટીઓ અને પોલીસ ચેકપોસ્ટ પર ભ્રષ્ટાચાર થતો હોવાથી ચેકપોસ્ટ બંધ કરવાનો નિર્ણય

મોડાસા, તા. ૨૭

મોડાસા શહેરમાં અતિથિ ગૃહ સહીત જીલ્લાના વિવિધ વિકાસના કામોના લોકર્પણ અર્થે પહોંચેલા નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલે રાજ્યની ૧૬ આરટીઓ ચેકપોસ્ટ અને રાજ્યની તમામ આંતરરાજ્ય અને જીલ્લાની આંતરિક પોલીસ ચેકપોસ્ટ બંધ કરવાનો નિર્ણય અંગે આરટીઓ ચેકપોસ્ટ અને પોલીસ ચેકપોસ્ટ પર ભારે ગેરરીતિ આચરવામાં આવતી હોવાથી સરકારી તિજોરીને નુકશાન પહોંચતું અને અન્ય લોકોના ખિસ્સામાં રૂપિયા જતા રહેતા પ્રાયોગિક ધોરણે હાલ પોલીસ ચેકપોસ્ટ દૂર કરવામાં આવી હોવાનું સ્વીકાર્યું હતું

ગુજરાત રાજ્ય સરકારે રાજ્યની તમામ ૧૬ આરટીઓ ચેકપોસ્ટ બંધ કરવાના નિર્ણય પછી ગુજરાતની આંતરરાજ્ય અને જીલ્લાની આંતરિક ચેકપોસ્ટ તાત્કાલિક અસરથી બંધ કરવાનો રાજ્ય પોલીસ વડા શિવાનંદ ઝાના આદેશ પછી રાજ્ય સરકાર અને રાજ્યપોલીસ મહાનિર્દેશકના નિર્ણય ચર્ચાસ્પદ બન્યો છે ત્યારે ચેકપોસ્ટ પર ભારે ટ્રાફિક થતો હોવાની સાથે ક્યાંક ગેરરીતિ પણ થતી હતી સરકારી તિજોરીને પણ ભ્રષ્ટાચાર પગલે જોઈએ તેટલી ભ્રષ્ટાચાર ને નાથવામાં નિષ્ફળ નીવડેલ અને આરટીઓ ચેકપોસ્ટ અને આંતરરાજ્ય પોલીસ ચેકપોસ્ટ પર થતા ભ્રષ્ટાચારને રોકવામાં સરહદો ખુલ્લી મૂકી દેવામાં આવતા નધણિયાત બનેલી પોલીસ ચોકીઓના કારણે બુટલેગરો મોટા પ્રમાણમાં વિદેશી દારૂ,નશીલા




મોડાસા શહેરમાં અતિથિ ગૃહના લોકાર્પણમાં પહોંચેલા નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે આંતરરાજ્ય પોલીસ ચેકપોસ્ટ બંધ કરવાના નિર્ણય અંગે જણાવ્યું હતું કે સરકારે પ્રયોગ કર્યો હોવાનો આરટીઓ ચેકપોસ્ટ અને પોલીસ અવાક થતી ન હોતી અને બીજા લોકો લઈ જતા હોવાથી પ્રાયોગિક ધોરણે બંધ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હોવાનું જણાવ્યું હતું ગેરરીતિ ડામવા રાજ્ય સરકારે હિમ્મતભર્યો નિર્ણય લીધો છે.

ભાજપના રાજમાં બેફામ થતા પદાર્થોની હેરાફેરી, ગેરકાયદેસર હથિયારોની અને અસામાજિક તત્વોને ખુલ્લો દોર મળી જતા રાજ્યની સુરક્ષા જોખમાવાની સાથે ગાંધીના ગુજરાતમાં દારૂબંધીના લીરેલીરા ઉડે તો નવાઈ નહિ ની ચર્ચાએ જોર પકડ્યું છે. નિષ્ફળ રહેલી રાજ્ય સરકારે ૨૩ ડિસેમ્બરે રાજ્યનાં તમામ પોલીસ કમિશનર, તમામ જિલ્લા અધિક્ષક, એટીએસ તથા કોસ્ટલ સિક્યુરીટીના વડા સહિતના અધિકારીઓને ફેક્સ મેસેજ કરી પોલીસ ચેકપોસ્ટ બંધ કરી દેવાના નિર્ણય થી આંતરરાજ્ય

# ખેડબ્રહ્મા શહેરનો સેવા સેતુ કાર્યક્રમ યોજાયો



ખેડબ્રહ્મા, તા. ૨૭

ખેડબ્રહ્મા નગરપાલિકા ઘ્વારા શહેરજનોની સગવડ માટે અર્બન સેવા સેતુ કાર્યક્રમ સ્ટેશન વિસ્તારના સ્વામિ વિવેકાનંદ હોલમાં શુક્રવારના રોજ યોજાયો હતો.આ અર્બન સેવા સેતુ કાર્યક્રમમા સરકારની યોજનાઓ માટે લાભાર્થીઓને ધક્કા ખાવા ના પડે તે માટે તમામ સુવિધ્હઓ એક જ જગ્યાએ પૂરી પાડવાં આવી હતી. જેમાં

વિધવા પેન્શન, ઓ.બી.સી, .આવક, જાતિની દાખલા, રેશનકાર્ડ, માં અમૃતમ યોજના, આધારકાર્ડ, મેડિકલ સહાય, અન્ય સેવાઓ લાભાર્થી ને સરકારી.લાભો અપાવવા પ્રાંત અધિકારી કૌશિકભાઈ મોદી, મામલતદાર. જીડી ગમાર નગરપાલિકાના પ્રમુખ જલકબેન પટેલ, ઉપ પ્રમુખ અરવિંદભાઈ ઠક્કર, કારોબારી ચેરમેન ધર્મેન્દ્ર મહેતા, સદસ્યો બ્રિજેશ બારોટ, નિકુંજ રાવલ, તથા સ્ટાફ હાજર રહી જરૂરીસેવાઓ પૂરો પાડી હતી આ સેવા સેતુમાં ૭૩૦ અરજી આવી હતી જેમાં ૧૪ પેન્ડિંગ રહી હતી અને ૭૧૬ નો હકારાત્મક નિકાલ કરવામાં આવ્યો હતો.

# અરવલ્લી માર્ગ અને મકાન વિભાગના અધિકારીઓનું શબ્દ ભંડોળમાં ભોપાળું

## ‘માઝુમ’ના બદલે ‘માઝમ’ લખતા નીતિન પટેલે ટપાર્યા




મોડાસા, તા. ૨૭

રાજ્ય સરકારના માર્ગ અને મકાન વિભાગ દ્વારા અરવલ્લી જીલ્લાના મુખ્યમથક મોડાસા શહેરમાં ૯ કરોડ ૪૦ લાખના ખર્ચે નિર્માણ કરવામાં આવ્યું છે જેમાં અરવલ્લી જીલ્લા માર્ગ મકાન વિભાગના અધિકારીઓની માતૃભાષા માં અજ્ઞાનતા છતી થઈ હતી અતિથિ ગૃહના લોકાર્પણ માટે પહોંચેલા નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે અતિથિ ગૃહના એક કક્ષ ને આપેલ નામમાં ગંભીર ભૂલ હોવાનું પકડી પાડી ‘‘માઝુમ’’ ના બદલે ‘‘માઝમ’’ લખેલું હોવાથી માર્ગ અને મકાન વિભાગના એન્જીનીયરને ટપોર્યાં હતા અને ભૂલ સુધારી લેવા તાકીદ કરતા ઉપસ્થિત માર્ગ અને મકાન વિભાગના અધિકારીઓ ભોંઠા પડી ગયા હતા.

રાજ્ય સરકારના અતિથિ ગૃહોમાં આવેલા વિવિધ રૂમના નદીઓના નામ પ્રમાણે નામકરણ કરવામાં આવે છે જેમાં સ્થાનિક નદીના નામ પણ અતિથિ ગૃહના કક્ષને આપવામાં આવતું હોય છે મોડાસા શહેરમાં અત્યાધુનિક અતિથિગૃહ નું નિર્માણ કરનાર જવાબદાર અધિકારીઓ મોડાસા શહેરની જીવાદોરી સમાન માઝુમ નદીનું નામ પણ ખબર ના હોય તેમ શબ્દકોષનું ભોપાળું કાઢતા ‘‘માઝુમ’’ ના બદલે ‘‘માઝમ’’ લખેલી મોટી તક્તી લગાવી દેતા લોકર્પણ માટે પહોંચેલા નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલના ધ્યાને આવતા લોકર્પણ સમયે ઉપસ્થિત રહેલા માર્ગ અને મકાન વિભાગના અધિકારીને તક્તી પર ‘‘માઝમ’’ નહિ ‘‘માઝુમ’’ આવે ની ટકોર કરી નામમાં રહેલી ગંભીર ભૂલ સુધારી લેવા તાકીદ કરી હતી

અત્રે ઉલ્લેખનીય છે કે નેતાઓ અને રાજકીય અગ્રણીઓનો ગુજરાતી ભાષા પ્રત્યેનો પ્રેમ જાણીતો છે પરંતુ અરવલ્લી જીલ્લા માર્ગ અને મકાન વિભાગના અધિકારીઓ અને કર્મચારીઓએ પણ માતૃભાષા પ્રત્યે જાણે અજ્ઞાનતા હોય તેવું દ્રશ્ય જોવા મળતા લોકોમાં હસીનું પાત્ર બન્યા હતા.

# ખેડબ્રહ્મા તાલુકાના લક્ષ્મીપુરા ગામે લોક ડાયરો યોજાયો



ખેડબ્રહ્મા, તા.૨૭

ખેડબ્રહ્મા તાલુકાના લક્ષ્મીપુરા ગામમાં સર્વોદય લોક જાગૃતિ વિકાસ ટ્રસ્ટ લાંબડીયા ઘ્વારા યુવા પેઢીને જાગૃત કરવાનાં અભિયાન, સમાજ સેવા, સ્વચ્છ ભારત વ્યસન મુક્ત ભારત, તેમજ ભારતીય સંસ્કૃતિ અને સંસ્કારો ના સિંચન માટે લોક જાગૃતિ માટે ૨૫ ડિસેમ્બરના રોજ લોક ડાયરો યોજાયો હતો. લોકો માં પ્રેમભાવ અને સમાજની એકતા જળવાઈ રહેછે તે માટે સંજુ દાદા લાંબડીયા લોકોને સમજ આપી હતી.

આ ડાયરામાં સંત શાંતિદાસ મહારાજ (ગોતા) સંત જયંતિભાઈ મહારાજ (ગોરોલ) એ લોકોને આધ્યાત્મિક વાતો જણાવી હતી. આ ઉપરાંત

આર્મી મેન અશોકભાઈ નું સ્વાગત કરવામાં આવ્યુ હતુ આ ઉપરાંત ખેડબ્રહ્મા તાલુકાના ભજનિક ધીરુભાઈ સોની, સંજયભાઈ પ્રજાપતિ, કલાકારો ઘ્વારા ભજન ની રમઝટ બોલાવી હતી. આ કાર્યક્રમ નગરપાલિકા ઉપપ્રમુખ અરવિંદભાઈ ઠક્કર, જ્યોતિ હાઈસ્કૂલ ના આચાર્ય સુરેશભાઈ પટેલ સહિત ગામ જનો મોટી સંખ્યામાં તેમજ તાલુકામાંથી લોકો હાજર રહ્યા હતા.

# ભિલોડા બાર એસોસિયેશન નવિન હોદ્દેદારોની નિમણુંક

ભિલોડા, તા. ૨૭

ભિલોડા બાર એસોસિયેશનની બેઠક તાજેતરમાં યોજાઈ હતી.ભિલોડા બાર એસોસિયેશન પ્રમુખ પદે સતત ૭મી વાર રણવીરસિંહ જે.ડાભીની નિમણુંક કરાઈ હતી.ઉપપ્રમુખ રાજેશકુમાર એલ.અસારી,સેક્રેટરી રફીકભાઈ કે.મનસુરી,જો.સેક્રેટરી પરેશકુમાર એસ.પગી,જો.સેક્રેટરી વર્ષાબેન એસ.જોષીયારા સહિત કારોબારી સભ્યોની નિમણુંક કરાઈ હતી.ભિલોડા બાર એસોસિયેશનના નવિન હોદ્દેદારોને એડવોકેટો અને શુભેચ્છકોએ બિરદાવ્યા હતા.

# ભિલોડાના નવીમોરી ગામે દીપડાનો આતંક

## ઘરના આંગણામાંથી ગાયના વાછરડાને ઉઠાવી જતાં ફફડાટ



ભિલોડા, તા. ૨૭

છેલ્લા ઘણા સમયથી હિંસક જીવ દીપડો જંગલ નજીકના ગામડાઓમાં ઘુસી જવાની ઘટનાઓ પ્રકાશમાં આવી રહી છે. ત્યારે ગુરુવારે મળસ્કે ૩ વાગ્યાના સુમારે ભિલોડા તાલુકાના નવી મોરી ગામમાં એક પશુપાલકના આંગણામાં દીપડો તેના બે બચ્ચા સાથે આવી ગયો હતો અને ગાયના વાછરડાને ઉઠાવી જતાં આસપાસના પંથકમાં ફફડાટ વ્યાપ્યો છે.

અરવલ્લી જિલ્લામાં ઘણા વિસ્તારમાં જંગલ ફેલાયેલું છે. જંગલમાં અનેક હિંસક જીવ પણ વસવાટ કરી રહ્યા છે પરંતુ જંગલમાં આ જીવોને પુરતો ખોરાક અને પાણી મળતું ન હોવાની પુષ્ટી થઈ રહી હોય તેમ જંગલી જીવો ગામડાઓ તરફ પ્રયાણ કરી રહ્યા છે. ખોરાકની શોધમાં આવા હિંસક જીવો ગામડાઓમાં આવીને પશુઓનું મારણ કરતા કિસ્સાઓ ઘણીવાર પ્રકાશમાં આવ્યા છે ત્યારે ગુરુવારે વહેલી સવારે ૩ વાગે ભિલોડા તાલુકાના નવીમોરી ગામે રાઠોડ કરણસિંહ વખતસિંહના ઘરે દીપડો તેમજ તેના બે બચ્ચાં ઘર આંગણમાં આવી પહોંચ્યા હતા અને ગાયના વાછરડાને ઉપાડી ગયા હતા. દીપડો ગામમાં અને ઘરના આંગણામાં આવીને પશુનું મારણ કરતા હોઈ ગામમાં તેમજ દીપડાના આતંકથી આજુ બાજુના ગામના લોકોમાં ભયનો માહોલ પેદા થયો છે. દીપડો ગામમાં દેખાવાની અને વાછરડાને ઉપાડી જવાની વાત વાયુવેગે આસપાસના પંથકમાં ફેલાઈ જતાં ફફડાટ વ્યાપ્યો છે. જ્યારે પશુપાલકે વન વિભાગને પણ જાણ કરી હોવાનું જાણવા મળ્યું હતું.



ખેડબ્રહ્માની ગ્રેવીટી ધ સ્કૂલ ઓફ સાયન્સમાં ગુરુવારના રોજ પ્રોજેક્ટ વર્ક અને ગણિત વિજ્ઞાન પ્રદર્શનનું આયોજન કરાયું હતું. વિભાગ ૧ પ્રોજેકટ વર્ક માં ૧૪૩ વિદ્યાર્થીઓ અને વિભાગ ૨ ગણિત વિજ્ઞાન પ્રદર્શનમાં ૧૯૨ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. વિભાગ ૧ માં કે.જી. ૨ ના સોલંકી નિહાલ અને વિભાગ ૨ માં ધોરણ ૯ ની વિદ્યાર્થીનીઓ પ્રથમ આવ્યા હતા. નાઈ કોમીલ બી . જેમને શાળાના ટ્રસ્ટી દિનેશભાઈ પટેલ અને ગોપાલભાઈ પટેલ દ્વારા ઈનામ આપવામાં આવ્યા હતા. આ પ્રસંગે શાળાના આચાર્ય આનંદભાઈ ચૌધરીએ ભાગ લેનાર તમામ વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા.

## ખેતી વિષયક ધિરાણ મેળવી સમયસર ભરપાઈ ન કરતા ઈસમોમાં ભારે ફફડાટ ફેલાયો

# ભિલોડાના મેજીસ્ટ્રેટએ આરોપીને ૧ વર્ષની સખત કેદની સજા ફટકારી

ભિલોડા,તા.૨૭

ભિલોડા એડીશનલ ચીફ જ્યુડિશીયલ મેજીસ્ટ્રેટએ આરોપીને ૧ વર્ષની સખત કેદની સજા નો હુકમ ફરમાવ્યો હતો.ખેતી વિષયક લોન ધિરાણ મેળવી સમયસર ન ભરતા ખાપરેટા ગામના ઈસમને ૧ વર્ષની સખત કેદની સજાનો હુકમ મેજીસ્ટ્રેટએ ફરમાવ્યો હતો.બેંકો,સેવા મંડળીઓ અને પ્રાઈવેટ ફાયનાન્સોમાંથી આડેધડ રીતે લોન,ખેતી વિષયક ધિરાણ મેળવી સમયસર ભરપાઈ ન કરતા ઈસમોમાં ભારે ફફડાટ ફેલાઈ રહ્યો છે.

હિંમતનગર તાલુકાના ખાપરેટા ગામના કરણસિંહ કાળુસિંહ રાઠોડએ ધી મુનાઈ ગ્રૃપ સેવા સહકારી મંડળી લી.માંથી ખેતી વિષયક લોન ધિરાણ મેળવી પરંતુ અત્રે ઉલ્લેખનીય છે કે સમય મર્યાદામાં લોન ભરપાઈ ન કરતા ધી મુનાઈ ગ્રૃપ સેવા સહકારી મંડળી લી.,ચેરમેન,સેક્રેટરી ધ્વારા એડવોકેટ જીતેન્દ્ર સી.ભાટીયા માફરતે ભિલોડા ન્યાય મંદિરમાં ધી નેગોશીયેબલ ઈન્સટ્રુમેન્ટ એક્ટની કલમ - ૧૩૮ મુજબ ફરીયાદ નોંધાવતા કાયદેસરની કાર્યવાહી હાથ ધરાઈ હતી.ભિલોડાના એડી.ચીફ જ્યુડી. મેજીસ્ટ્રેટ,જે.ડી.સોલંકી સમક્ષ એડવોકેટે આધાર પુરાવાઓ રજુ કરેલ હોઈ આરોપીને ગુનેગાર ઠરાવી ૧ વર્ષની સખત કેદની સજા અને ધી મુનાઈ ગ્રૃપ સેવા સહકારી મંડળી લી. બાકી રકમ રૂા.૧,૦૨,૭૩૦/- ભરપાઈ કરવા સંદર્ભે હુકમ ફરમાવ્યો હતો.આરોપી વળતર પેટેની રકમ સમયસર ન ચુકવે તો વધુ ૩ માસની સખત કેદની સજાનો હુકમ ફરમાવ્યો હતો.લોન મેળવી સમય મર્યાદામાં ભરપાઈ ન કરતા ઈસમો માટે તે ચેતવણી રૂપ ન્યાયિક કોરડો મેજીસ્ટ્રેટે વિંઝ્યો છે.ધી મુનાઈ ગ્રૃપ સેવા સહકારી મંડળી લી. તરફથી જીતેન્દ્ર સી.ભાટીયાએ એડવોકેટએ મેજીસ્ટ્રેટ સમક્ષ ધારદાર રજુઆતો કરતા મેજીસ્ટ્રેટે આરોપીને ગુનેગાર ઠેરવી ધારદાર ચુકાદો ફરમાવ્યો હતો.

# CAAના વિરોધમાં મોડાસાના મુસ્લિમ સમાજનો જનતા કર્ફ્યુ





મોડાસા, તા.૨૭

મોડાસા શહેરમાં CAA અને NRCના વિરોધમાં અરવલ્લી મુસ્લિમ કો-ઓર્ડિનેશન કમિટી,મોડાસા દ્વારા આપવામાં આવેલ બંધના એલાન બાદ મુસ્લીમ પોતપોતાના ધંધા રોજગાર બંધ રાખી વિરોધમાં જોડાયા હતા.બજારમાં જનતા કર્ફ્યુની અસર જોવા મળી હતી મોડાસા શહેરના લઘુમતી સમાજના તમામ લોકોએ ઘરની અંદર રહી રોજા રાખી વિરોધ નોંધાવ્યો હતો પોલીસતંત્ર એ શહેરમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જળવાઈ રહે તે માટે ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવી દીધો હતો

નાગરિક કાયદાના સમર્થનમાં નાગરિક જાગરણ સમિતિ અરવલ્લી દ્વારા શહેરમાં વિશાળ રેલી યોજી હતી બાદમાં અરવલ્લી મુસ્લિમ કો-ઓર્ડિનેશન કમિટી,મોડાસા દ્વારા શુક્રવારે સ્વંયભૂ બંધ અને જનતા કર્ફ્યુનું એલાન કરવામાં આવ્યું હતું અને સોશ્યલ મીડિયામાં પત્રિકાઓ ફરતી થઈ હતી જે સંદર્ભે મોડાસા શહેરમાં આવેલી તમામ લઘુમતી સમાજની દુકાનો બંધ રહી હતી.

મખદૂમ ચોકડી, કોલેજ રોડ ,માર્કેટયાર્ડ વિસ્તાર,સહીત લઘુમતી વિસ્તારમાં જનતા કર્ફ્યુ અને સજ્જડ બંધ જોવા મળ્યો હતો.

દેશના કેટલાક ભાગમાં જ્યારે હિંસક આંદોલન થઈ રહ્યા છે ત્યારે મોડાસા શહેરમાં મુસ્લીમ સમાજે શાંતીપૂર્ણ બંધ પાળીને સમગ્ર દેશના મુસ્લીમ સમાજને ઉદાહરણ પુરુ પાડ્યું છે નગરની શાંતી અને ભાઈચારાને બરકરાર રાખવાનો સરાહનીય પ્રયાસ જોવા મળ્યો હતો. મુસ્લિમ સમાજના અગ્રણીઓ જણાવ્યું હતું કે, કાયદાની જોગવાઈઓ જોતા જો નવી સીટીઝનશીપ આપવામાં આવે તો અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, વિમુક્ત વિચરતી જાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત જાતિના મુસ્લિમ અને હિન્દુ સમાજના લોકોને પણ મળતા તેઓના અગાઉના, નોકરીના તેમજ તેમની જમીનના લાભો પણ ઝૂંટવાઈ જાય તેમ છે. તે અંગે કોઈ પણ જાતનો ખુલાસો આ કાયદામાં કરવામાં આવેલ નથી. તેમ જોતા આ કાયદો ફક્ત મુસ્લિમોને જ નહિ પરંતુ દેશની ૭૦% આબાદી ધરાવતાં હિન્દુ સમાજ ના લોકોનું પણ આ કાયદાથી અધઃપતન થાય તેવી પરિસ્થિતિ સર્જાય તેમ છે.